## ઊંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઊંઝા.

ક્રિમી. કેસ નં. –265/2026.

**આંક – ૦૧ લગત હુકમ**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસરનો, પાસ પરમીટ વગર દેશી દારુ પીધેલ હાલતમાં મળી આવેલ છે. જે અંગે ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂધ્ધ ગુજરાત એમ. વી. એકટ કલમ – ૧૮૫ તથા પ્રોહી. ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૮૧ મુજબનો ગુના સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રોજ રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં આરોપી વિરૂધ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટમાં હાજર થતાં આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજૂ કરતાં તે પ્લી માં તેમની સામેના ગુનાનુ તહોમતનામુ વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

(૩) આરોપી તેઓની ગુના કબુલાત પુરસીસ આજરોજ આપી જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના અને અમો બાળ બચ્ચાંવાળા છીએ, અમારા ઉપર કુટુંબની સંપૂર્ણ જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી કરીએ છે.

(૪) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧), પાના નં.૭૦૯) આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જાણતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ મુજબ એમ. વી. એકટ કલમ – ૧૮૫ તથા પ્રોહી. ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૮૧ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને ઉપરોકત મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ ના ગુના સબબ રૂા.૧૦૦૦/– તથા પ્રોહી. ૬૬(૧)બી માં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– તથા એમ.વી.એકટની કલમ–૧૮૧ ગુના સબબ રૂા.૧૦૦૦/– એમ કુલ રૂા.૨,૧૦૦/– (અંકે રૂપિયા એકવીસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિન –૧ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૪[મી] માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.

---

દંડ રૂ............. અંકે રૂપિયા................... પુરા પાવતી નં.......... ઉપર વસુલ આવેલ છે.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.

નાઝર
મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, ઊંઝા.